પુષ્પ્પલવઈ વીજયે જયોરે ॥ નયરી પુંડરીગીણી સાર ॥ શ્રી સીમંધર સાહેબારે ॥ રાય શ્રેયાંસ કુમાર જીણંદરાય ॥ ૧ ॥ ધરજ્યો ધરમ સ્નેહ ॥ એ આંકણી ॥ મોટા નાહાના અંતરોરે ॥ ગીરૂઆ નવી દાખંત ॥ શશી દરીશણ સાયર વધેરે ॥ કૈરવ વન વિકસંત ॥ ૨ ॥ જી૦ ॥ ઠામ કુઠામ ન લેખવેરે ॥ જગ વરસંત જલધાર ॥ કર દોય કુસુમેં વાસીઈરે ॥ છાયા સવી આધાર ॥૩॥ જીગ॥ રાયને રાંક સરીખા ગણેરે ॥ ઉદ્યોતે શશિ સુર ॥ ગંગા જળ તે બિહુ તણારે ॥ તાપ કરે સવી દુર ॥ ૪ જી૦ ॥ સરીખા સહુને તારવારે ॥ તીમ તુમેઓ મહારાજ ॥ મુજશું અંતર કિમ કરોરે ॥ બાંહી ગ્રહ્યાની લાજ ॥ ૫ ॥ જી૦ ॥ મુહ દેખી ટીલું કરેરે ॥ તે નવી હોય પરમાણ ॥ મુજરો માને સવી તણારે ॥ સાહીબ તેહ સુજાણ ॥ ૬ ॥ જી૦ ॥ વૃષભ લંછન માતા સત્યકીરે ॥ નંદન રૂકમણી કંત ॥ વાચક જસ ઈમ વિનવેરે ॥ ભય ભંજન ભગવંત ॥ ૭ ॥ જી૦ ઈતિ ૫૫ ॥

## ૫૬ ॥ અથ શ્રી મંધરજીન થોય ॥

શ્રી સીમંધર જિનવર સુખકર સાહેબ દેવ ॥ અરીહંત સકળની ભાવ ધરી કરૂં સેવ ॥ સકલાગમ પારક ગણધર ભાખીત વાણી ॥ જયવંતી આણા જ્ઞાનવિમલ ગુણ ખા

ણી ॥ ૧ ॥ ઇતિ ૫૬ ॥

## ૫૭ ॥ અથ સિધાચલજીનું ચૈતવંદન ॥

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર ॥ દીઠે દુર્ગતીવારે ॥ ભાવ ધરી ને જે ચઢે ॥ તેને ભવ ભવ પાર ઉતારે ॥ ૧ ॥ અનંત સિદ્ધનો એ ઠામ ॥ સકલ તીરથનો રાય ॥ પુરવ નવાણું રીષભદેવ ॥ જ્યાં ઠવિઆ પ્રભુ પાય ॥ ૨ ॥ સુરજ કુંડ સોહામણો ॥ કવીડ જક્ષભીરામ ॥ નાભીરાયા કુલમંડણો ॥ જીનવર કરૂં પ્રણામ ॥ ઇતિ ૫૭ ॥

## ૫૮ ॥ અથ સિધાચલજીનું સ્તવન ॥

વીમલાચલ નીતુ વંદીએ ॥ કીજે એહની સેવા ॥ મા નું હાથ એ ધર્મનો ॥ શિવ તરૂ ફલ લેવા ॥ વિ૦ ॥ ૧ ॥ ઉજ્જલ જીનગૃહ મંડળી ॥ તિહાં દીપે ઉત્તંગ ॥ માનું હિમગિરી વિભ્રમ ॥ આઈ અંબર ગંગા ॥ વિ૦ ॥ ૨ ॥ કોઈ અનેરૂ જગ નહિ ॥ એ તિરથ તોલે ॥ ઇમ શ્રી મુખ હરી આગલે ॥ શ્રી સીમંધર બોલે ॥ વિ૦ ॥ ૩ ॥ જે સઘળાં તિરથ કર્યાં ॥ જાત્રા ફળ કહીએ ॥ તેહથી એ ગિરી ભેટતાં ॥ શતગણું ફલ લહીએ ॥ વિ૦ ॥ ૪ ॥ જનમ સફળ હોય તેહનો ॥ જે એ ગિરી વંદે ॥ સુજસ વિજય સંપદ લહે ॥ તે નર ચિર નંદે ॥ વિ૦ ॥ ૫ ॥ ઇતિ ॥ ૫૮ ॥

## ૫૯ ॥ અથ સિધાચલજીની થોય ॥

પુંડરગિરિ મહીમા ॥ આગમમાં પરસિદ્ધ ॥ વિમલાચલ

ભેટી ॥ લહીએ અવીચળ રીદ્ધ ॥ પાંચમી ગતિ પોહોતા ॥ મુનિવર ક્રેડાક્રોડ ॥ ઈણિ તીરથે આવી ॥ કરમ વિપાતક છોડ ॥ ૧ ॥ ॥ ઈતી ॥ ૫૯ ॥

## ૬૦ ॥ અથ સામાચક લેવાની વીધી ॥

પ્રથમ ઉંચે આસને પુસ્તક સનુખ મુકીને શ્રાવક શ્રાવિકા કટાસણુ મુહપતિ ચરવલો લેઈ સુદ્ધ વસ્ત્ર જગ્યા પુંજી કટાસણા ઉપર બેસી મુહપતી ડાબા હાથમાં મુખ પાસે રાખી જમણો હાથ થાપનાજી સનમુખ રાખી ॥ ૧ ॥ નવકાર ગણિ પંચદિઅ કહી ઈછામિ ખમાસમણ દેઈ ઈરિયાવઈયા તસ્સ ઉતરી અનાથ ઉસસી એણું કહી ॥ ૧ ॥ લોગસ્સનો અથવા ૪ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઈ ઈછાકારેણ સંદીસાહ ભગવન સામાયક મુહપતિ પડિલેહું ઈછં ઈમ કહી ॥ મુહપતિ અંગની પડિલેહણના ૫૦ બોલ કહી મુહપતિ પડિલેહીઈ ॥ ખમાસમણ દે૦ ઈછાકારેણ સંદીસહ ભગવન સામાયક સંદિસાહુ ઈછં ખમાસમણ દે૦ ઈછા૦ સામાયક ઠાઉ એમ કહી બે હાથ જોડી ૧ નવકાર ગણી૦ ઈછાકારી ભગવન પસાય કરી સામાયક દંડક ઉચ્ચરાવોજી ॥ વડીલ કરેમીભંતે કહે પછે ખમાસમણ દેઈ ઈછા૦ બેસણે સંદીસાહું ખમાસમણ દેઈ ઈછા૦ બેસણે ઠાઉં૦ ખમાસમણ દેઈ ઈછા૦ સઝાય સંદીસાહુ૦ ખમાસમણ દેઈ૦ ઈછા૦ સઝાય

કરૂ ॥ ઈમ કહી ૩ નવકાર ગણવા પછે બે ઘડી સઝાય ધર્મ ધ્યાન કરવું ॥ ॥ ઈતિ સામાયક લેવાની વીધી સમાપ્ત ॥

## ૬૧ ॥ અથ સામાયક પારવાની વિધી ॥

ખમાસમણ દેઈ ॥ ઈરિયાવહી પડિક્કમામી જાવત લો-ગસ્સ સુધી કહી ખમા૦ ॥ ઈછા૦ મોહપતી પડીલેહું કહી ॥ મુહપતિ પડિલેહી ॥ ખમાસમણ દેઈ ॥ ઇછા૦ ॥ સામાયક પારૂ ॥ યથા શક્તિ ॥ ખમા૦ ॥ ઈછા૦ ॥ શામાયક પારયું ॥ તહતી ॥ પછે જમણો હાથ ચ-વલા ઉપર અથવા કટાસણા ઉપર થાપી ૧ નવકાર ગણી સામાઈય વયજુત્તો કહીઈ ॥ પછે ૧ નવકાર જમણો હાથ થાપના સામા સવલો રાખી ગણીઈ ॥ ઈતિ ॥ ૬૧ ॥

## ૬૨ ॥ પડિલેહણ કરવાની વિધી ॥

પુરવ રીતે ઈરીયાવહી પડિક્કમિ જાવત લોગસ્સ કહી ઉભે પગે બેશી મુહપતિ કટાસણું ચવલો વસ્ત્ર કંદોરો આદિ પડિલેહવાં ॥ પછે કાજો કાહાડવો પછે કાજો કાહાડનાર થાપનાજી સામા ઉભો રહી ઈરીયાવહી પડિક્કમે ॥ પછે કાજો પઠવવા જગ્યા સોધી અણુજાણહ જસ્સગ્ગ કહી કાજો પઠવે પછે વાર ૩ વોસરે કહે ॥ ઈતિ પડિલેહણ કરવાની વિધી ॥ ૬૨ ॥

## ૬૩ ॥ અથ દેવ વાંદવાની વિધિ.

પ્રથમ ઇરિયાવહી પડિક્કમવા જાવત ॥ લોગસ્સ કહી પછે ઉત્તરાસણ નાંખી ચઈતવંદન કહી જયવિઆરાય અડધા કહે ॥ વળી બીજ ચઈતવંદન કરે ॥ જાવત ચાર થોયો કહી નમુથ્થુણં કહી બીજી વાર ચાર થોયો કહે પછે નમુથ્થુણં બે જાવંતા કહી સ્તવન કહી અડધા જયવીઆરાય આ ભવમ ખંડા સુધી કહી ॥ પછે ચઈતવંદન કહી નમુથ્થુણં કહી આખા જયવીરાઅ કહેવા ॥ સવારે દેવ વાંદવા તેમાં મન્હજીણાણં ની સઝાય કેહેવી બપોરે દેવ વાંદે તથા સાંજે દેવ વાંદે તેમાં સઝાય ન કહે ॥૫૦ ૬૩ ॥

## ૬૪ ॥ અથ દેવસી પ્રતિક્રમણાની વિધિ ॥

૧ પ્રથમ સમાયક લીજે ॥

૨ પછે પાણી વાવરચું હોય તો મુહપતિ પડિલેહેવી ॥

૩ આહાર વાવરચો હોય તો વાંદણા બે દેવા બીજા વાંદણામાં આવસીઆએ ન કેહેવુ.

૪ યથા શક્તિ પચ્ચખ્ખાણ કરવુ ॥

૫ ખમાસમણ દેઈ ઈછછાકારેણ ॥ વડેરા અથવા પોતે ચઈત્યવંદન કહીને ॥

૬ નમુથ્થુણં કહી ઉભા થઈને અરિહંત ચઈઆણં કહીને ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોરહત કહીને પ્રથમ થોય કહેવી પછે ॥

૭ લોગસ્સ કહેવો સવ્વલોએ અરિહંત ચેઈઆણં કહી ને ૧ નવકારનો કાઉસ્સગ્ગ પારીને ॥ બીજી થોય કહેવી ॥ પછે ॥

૮ પુખ્ખરવરદી કહી સુઅસ્સ ભગવો કરેમી કાઉસ્સગ્ગં ॥ વંદણ ॥ ૧ નવકારનો કાઉસ્સગ્ગ પારી ત્રીજી થોય કહેવી ॥ પછે ॥

૯ સિદ્ધાણં બુદ્ધાણં કહી ॥ વેયાવચ્ચ ગરાણં કરેમી કાઉસ્સગ્ગં અનથ્થ૦ ॥ પછે ૧ નવકારનો કાઉસ્સગ્ગ પારી ॥ નમોરહંત૦ ॥ કહી ચોથી થોય કહેવી ॥

૧૦ પછે બેસીને નમુથ્થુણં કહેવુ ॥ પછે ॥

૧૧ ચાર ખમાસમણ દેઈ પુર્વક ભગવાન[૧] ॥ આચાર્ય[૨] ॥ ઉપાધ્યાય[૩] ॥ સરવસાધુ[૪] ॥ પ્રત્યેકેભવંદન કરાઈ ॥ પછે ॥

૧૨ ઈછછા કારેણ૦ ॥ દેવસિ પ્રતિક્રમણે ઠાઉં ઈમ કહી જમણો હાથ ચવલા કટાસણા ઉપર થાપીને ઈછ સવ્વસવી દેવસીઅ૦ ॥ કહેવુ પછે ॥

૧૩ ઉભા થઈ કરેમિભંતે ॥ ઈછછામિ ઠામી કાઉસ્સગ્ગં ॥ જોમેદેવસિઉ ॥ તસ્સઉત્તારી૦ કહી ॥

૧૪ આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવો ॥ ૮ ગાથા ન આવડે તો ૮ નવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને

૧૫ લોગસ્સ કહેવો ॥ બેસીને ત્રીજા આવશ્યકની મુહપતી પડીલેહીને ॥ વાંદણાં ॥ બે દેવાં ॥

૧૬ પછે ઉભા થઈને ઈછછા કા૦ ॥ દેવસિઅં આલો ઉં ॥ ઈછછં અલોએમી ॥ જોમે દેવસિઉ કહીને ॥

૧૭ સાત લાખ કહેવા પછે અઢાર પાપસ્થાનક આલોઈને ॥

૧૮ સવ્વસ્સવિ દેવસિઅં કહી ॥

૧૯ બેસીને એક નવકાર ॥ કરેમિભંતિ ॥ ઈછામી પડ ક્કમિઉં ॥ કહીને ॥

૨૦ વંદીતુ કહીને વાંદણાં બે દેવાં ॥ પછે ॥

૨૧ અભ્ભુઠ્ઠિઓહં અભિંતર દેવસિઅં ખામીને ॥ વાંદણાં બે દેવાં ઉભા થઈ ॥

૨૨ આયરીય ઉવઝઝાએ કહીને કરેમિભંતે ઈછામિ કાઉસ્સગ્ગં જોમે દેવસિઉં કહી ॥ તસ્સઉત્તરી કહી ॥

૨૩ બે લોગસનો વા આઠ નવકારનો કાઉસગ્ગ પારીને ॥

૨૪ લોગસ્સ કહેવો સવ્વલોએ અરિહંત ચેઈઆણં ॥ એક લોગસ્સ વા ૪ નવકારનો કાઉસગ્ગ પારીને ॥

૨૫ પુખ્ખરવરદી૦ ॥ સુઅસ્સ ભગવઉ કરેમિ વંદણા ॥ એક લોગસ્સ વા ૪ નવકારનો કાઉસગ્ગ પારીને ॥

૨૬ સિદ્ધાણં બુદ્ધાણં કહી સુઅદેવાએ કરેમી કાઉસગ્ગ ॥ એક નવકારનો કાઉસગ્ગ પારી ॥ નમોર્હંત ॥ સુઅ દેવયાની થોય ॥ સ્ત્રીને કમલદલની થોય કેહેવી ॥

૨૭ ખેત્રદેવયાએ કરેમી કાઉસગ્ગ ॥ એક નવકારનો કાઉસગ્ગપારી ॥ નમોર્હત૦॥ ક્ષેત્રદેવયાની થોય સ્ત્રીને

તથા પુરૂષને કહેવી ॥

૨૮ પછે પ્રગટ એક નવકાર ગણી બેસીને ॥

૨૯ છઠ્ઠા આવશ્યકની મુહપત્તી પડિલેહી બે વાંદણાં દી જે ॥ પછે ॥

૩૦ સમાયક[૧] ॥ ચવીસથ્થોર[૨] વંદણ[૩] ॥ પડિક્કમણું[૪] ॥ કાઉસગ[૫] ॥ પચ્ચખ્ખાણ કરવું છે[૬] ॥ એ છ આવશ્યક સંભારવા ॥ પછે ॥

૩૧ ઇચ્છામો અણુસઠ્ઠીં કહિ નમો ખમાસમણાણં કહી નમોર્હત્૦ ॥ પુરૂષ નમોસ્તુ વર્દ્ધમાનાય કહે ॥ સ્ત્રી સંસારદાવાની ૩ થોયો કહે ॥

૩૨ નમુથ્થુણં કહી ॥ સ્તવન કહેવું ॥

૩૩ વરકનક કહી ભગવાન આદે વાંદવા ॥

૩૪ પછે જમણો હાથ ઉપધી ઉપર થાપી અઢાઈજ્જેસુ કહેવું ॥

૩૫ પછે દેવસિઅ પાયછિતનો કાઉ૦ ॥ ૪ લોગસ્સનો વા ૧૬ નવકારનો કરવો ॥

૩૬ પારી પ્રગટ લોગસ્સ કહી બેસીને ॥

૩૭ ખમાસમણ બે દેઈ સઝાયનો આદેશ માગી એક નવકાર ગણી સઝાય કહીઈ પછે ॥ એક નવકાર ગણીઈ ॥

૩૮ પછે દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓનો કાઉસગ ૪ લોગસ્સનો સંપુર્ણ કરવો એક વડેરે ॥ અથવા પોતે

પારીને નમોર્હત કહી લઘુશાંતિ કહેવી ॥
૩૯ પછે પ્રગટ લોગસ્સ કહેવો ॥ પછે ॥
૪૦ ઈરીયાવહી જાવત લોગસ્સ કહેવો ॥
૪૧ પછે ચઉકસાય ॥ નમુથ્થુણં કહી જાવંતિ બે કહી ઉવસગ્ગહં ॥ જયવીરાય કહી મુહપતી પડીલેહવી ॥ ઈછ્છામિ૦ ॥ ઈછ્છાકા૦ ॥ સામાયક પારૂં યથાશક્તિ ॥ ઈછ્છામિ૦ ॥ ઈછ્છાકા૦ ॥ સામાયક પારયું ॥ તહતિ ॥ કહી ॥ પછે ॥
૪૨ જમણો હાથ ઉપધી ઉપર થાપી ૧ નવકાર ગણીને સામાઈઅવયજુત્તો કહેવો ॥
૪૩ પછે થાપેલા થાપના હોય તો એક નવકાર ભણી ઉઠે ॥ ઈતિ ૬૪ ॥ ઈતિ દેવસિ પ્રતિક્રમણ વિધી બાકી અંતર વિધી વડેરાથી સમજવા ॥

## ૬૫ ॥ અથ રાઈપ્રતિક્રમણ વિધિ ॥

૧ પ્રથમ પુર્વ રીતે સામાયક લીજે ॥
૨ પછે કુસુમિણ દુસુમિણનો કાઉસગ્ગ ૪ લોગસ્સનો વા ૧૬ નવકારનો કરી પારી પ્રગટ લોગસ્સ કહેવો ॥
૩ પછે ખમાસમણ દેઈ જગચિંતામણીનું ચૈત્યવંદન જયવીરાય સુધી કહેવું ॥
૪ પછે ચાર ખમાસમણ દેઈ ભગવાન આચાર્ય ઉપાધ્યાય સરવ સાધુ પ્રત્યે વાંદવા ॥

૫ ખમાસમણ બે દેઈ સઝાયનો આદેશ માગી ૧ ન-
વકાર ગણીને ॥ ભરહેસરની સઝાય કહીને નવકાર
એક ગણવો ॥ પછે ॥

૬ ઇચ્છાકાર સુહરાઈનો પાઠ કહેવો ॥ ઇચ્છાકા૦ રાઈ
પ્રતિક્રમણ ઠાઉ કહીને જમણો હાથ ઉપધી ઉપર
થાપીને ॥

૭ ઇચ્છ સવ્વસવી રાઈય દુચ્ચિંતિય૦ ॥ કહી ॥

૮ નમુત્થુણં ॥ કરેમિભંતે કહી ॥ ઇછામિ ઠામી
ઉસગ્ગ૦ ॥ તસ્સઉત્તરી કહી ॥ ૧ લોગસ્સનો વા
૪ નવકારનો કાઉસગ્ગ પારી ॥

૯ લોગસ્સ સવ્વલોએ અરિહંત૦ ॥ એક લોગસ્સ
૪ નવ૦ ॥ કાઉસગ્ગ ॥

૧૦ પુખ્ખરવરદી૦ ॥ સુઅસ્સ૦ ॥ વંદણ૦ ॥ કહી આઠ
ગાથાનો અથવા આઠ નવકારનો કાઉસગ્ગ ॥

૧૧ સિદ્ધાણં બુદ્ધાણં કહીને ત્રીજા આવશ્યકની મુહપત્તી
પડિલેહી વાંદણાં બે દેવાં તીહાંથી તે અબ્ભુટ્ઠિઉ ખા
મિ વાંદણાં બે દીજે તીહાં સુધી દેવસીની રીતે ॥
પણ જે ઠેકાણે દેવસિ આવેછે તે ઠેકાણે રાઈયં કહેવું ॥

૧૨ આયરિઅ ઉવજ્ઝાએ કરેમિભંતે ॥ ઇછામી ઠામિ
કાઉસગ્ગં ॥ તસ્સ ઉત્તરી ॥ તપચિંતામણી અથ
વા ॥ ૪ લોગસ્સનો અથવા ॥ ૧૬ નવકારનો કાઉ
સગ્ગ કરવો ॥

૧૩ પ્રગટ લોગસ્સ કહી છઠ્ઠા આવશ્યકની મુહપતિ પડિ લેહીને વાંદણાં બે દેવાં ॥ તે પછે ॥

૧૪ તીર્થ વંદન કરવું ॥ પછે ॥

૧૫ યથા શક્તિએ પચ્ચખ્ખાણ કરવું ॥

૧૬ ઈચ્છાકારેણ સંદિસહ ભગવાન ॥ સમાયક૧ ચઉવીસ ત્થો૨ ॥ વંદણ૩ ॥ પડિક્કમણું૪ ॥ કાઉસ્સગ્ગ૫ ॥ પચ્ચખ્ખાણ કરશુંછેજી૬ ॥ પચ્ચખ્ખાણ કરયું હોય તો કરયું કહેવું ॥ ન કરયું હોય તો ધારયુંછેજી ઈમ કહેવું ॥ પછે ઈચ્છામો અણુસઠ્ઠી નમો ખમાસમણાણં નમોર્હત્ ॥

૧૭ પછે વિશાલ લોચન કહીને નમુથ્થુણં કહી અરિહંતચેઈયાણં૦ ॥ ૧ નવકારનો કાઉસગ્ગ પારીને નમોર્હત૦ ॥ કલાણકંદની થોય પ્રથમ કહેવી ॥

૧૮ લોગસ્સ ,પુખ્ખરવરદિ સિદ્ધાણં બુદ્ધાણં કહી અનુક્રમે ૪ થોયો કહીઈ છે તિહાં સુધી કહેવું પછે ॥

૧૯ નમુથ્થુણં કહી ॥ ભગવન આદિ ॥ ચ્યાર ખમાસમણે વાદવા ॥

૨૦ પછે જમણો હાથ ઉપધી ઉપર થાપી અઢાઈજજેસુ કહેવું ॥ પછે ॥

૨૧ શ્રી મંધરસ્વામીનું ચૈતવંદન સ્તવન જયવિરાય કાઉસ્સગ્ગ થોય પર્યંત કરવું ॥

૨૨ પછે ખમાસમણ પુર્વક શ્રી સીદ્ધાચલનું ચૈતવંદન ॥

તવન જયવીરાય કાઉસ્સગ્ગ થોય સુધી કરવું ॥

૨૩ પછે સામાયક પારવાની વિધીની રીતે સામાયક પારવા સુદ્ધિ કરવું ॥ ઇતિ રાઈ પ્રતિક્રમણની વિધિ ॥૧૫॥

## ૬ ॥ અથ પચ્ચખ્ખાણ પારવાની વિધિ ॥

૧ પ્રથમ ઇરિયા વહિયાઈ પડિક્કમીઈ જાવત જગચિંતાણિ નું ચઈતવંદન જયવિયરાય સુધી કરવું ॥

૨ પછે મન્હજિણાણંની સઝાય કરી મુહપત્તિ પડિલેહે વી ઇછામિ૦ ॥ ઇછા૦ ॥ પચ્ચખ્ખાણ પારૂ ॥ ય થા શકિત ॥ ઇછામિ૦ ઇછા૦॥ પચ્ચખ્ખાણ પારયું ॥ તહત્તિ ॥ ઇમ કરી જમણો હાથ કટાસણાં ચવલા ઉપર થાપી ૧ નવકાર ગણી પચ્ચખ્ખાણ કરયું હો ય તે કહી પારવું ॥

૩ ઉગ્ગએસુરે નમુક્કારસહીઅં ॥ પોરસિસાઢ પોરસહિ અં ॥ વેઢસહિઅં ॥ મુઠ્ઠસહિઅં ॥ પચ્ચખ્ખાણ કર્યું ચોવીહાર ॥ આંબિલ નીવી એકાસણું ॥ બેઆસં ણું ॥ કરયું ॥ તિવિહાર પચ્ચખ્ખાણ ॥ ફાસિઅં૧ ॥ પાલિઅં૨ સોહિઅં૩ ॥ તીરિઅં૪ ॥ કિટ્ટિઅં ॥ આરાહિઅં૬ ॥ જંચ નઆરાહિઅં ॥ તસ્સમિ છામી દુક્કડં ॥ ઇતિ ॥ ૧૬ ॥

# ॥ अथ प्रभातनां पच्चखाण ॥

## ૬૭ ॥ અથ નમુક્કારસહિ મુઠસહિનુ ॥

ઉગ્ગએ સુરે નમુક્કારસહિઅં મુઠસહિઅં પચ્ચખ્ખાઈ ॥ ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નથણા ભોગેણં ૧ ॥ સહસ્સાગારેણં ૨ મહત્તરાગારેણં ૩ ॥ સવ્વસમાહિવત્તિયા ગારેણં ૪ ॥ વોસીરે ॥ ઇતિ ॥ ૬૭ ॥

## ૬૮ ॥ અથ પોરિસિં સાઢપોરિસિંનું ॥

ઉગ્ગએ સુરે નમુક્કારસહિઅ પોરિસિં સાઢપોરિસિં મુઠસહિઅં પચ્ચખ્ખાઈ ઉગ્ગએ સુરે ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણા ભોગેણં ૧ ॥ સહસ્સાગારેણં ૨ ॥ પછન્નકાલેણં ૩ દિસામોહેણં ૪ ॥ સાહુવયણેણં ૫ ॥ મહત્તરાગારેણં ॥ સવ્વસમાહિવત્તિયાગારેણં ૭ ॥ વોસિરે ॥ ઇતિ ॥ ૬૮ ॥

# ॥ अथ सांझनां पच्चखाण ॥

## ૬૯ ॥ અથ ચોવિહારનું ॥

દિવસ ચરિમં પચ્ચખ્ખાઈ ચઉવિહંપિ આહારં અસણં

પાણં ખાઈમં સાઈમં અન્નથ્થણા ભોગેણં સહસાગારેણં મ હત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયા ગારેણં - ।। વોસિરે ।। ઇતિ ૬૯।।

## ૭૦ ।। અથ તિવીહારનું ।।

દિવસ ચરિમં પચ્ચખ્ખાઈ ।। તિવીહંપિ આહર ।। અસણં ખાઈમં સાઈમં અન્નથ્થણા ભોગેણં સહસાગારેણં મહ ત્તરાગારેણં સવ્વસમાહિવત્તયા ગારેણં ।। વોસિરે ।। ઈતિ૭૦।।

## ૭૧ ।। અથ દુવિહારનું ।।

દિવસ ચરિમં પચ્ચખાઈ દુવિહંપિ આહારં અસણં ખાઈમં અન્નથ્થણા ભોગેણં સહસાગરેણં મહત્તરાગારેણં સવ્વ સમાહિવત્તિયાગારેણં વોસિરે ।। ઈતિ ।। ૭૧ ।।

## ૭૨ ।। અથ ક્રોધની સઝાય ।।

કડુવાં ફળ છે ક્રોધનાં ।। ગ્યાની ઈમ બોલે ।। રીસ તણો રસ જાણીએ ।। હલાહલ તોલે ક૦ ।। ૧ ।। ક્રોધે ક્રોડ પુરવ તણું ।। સંજમ ફળ જાય ।। ક્રોધ સહિત તપ જે ક રે ।। તે તો લેખે ન થાય ।। ક૦ ।। ૨ ।। સાધુ ઘણો તપી યો હુતો ।। ધરતો મન વૈરાગ ।। શીશ્યના ક્રોધ થકી થ યો ।। ચંડકોશીયો નાગ ।। ક૦ ।। ૩ ।। આગ ઉઠે જે ઘર થકી ।। તે પેહેલું ઘર બાલે ।। જલનો જોગ જો નવી મિલે ।। તો પાસેનું પરજાલે ।। ક૦ ।। ૪ ।। ક્રોધ તણી ગત એહ

વો ॥ કહે કેવળનાણી ॥ હાસ્ય કરે જે હેતની ॥ જાવ જ્જીવ ઇમ જાણી ॥ ક૦ ॥ ૫ ॥ ઉદયરતન કહે ક્રોધને ॥ કાઢજો ગળે સાહી ॥ કાયા કરજો નિરમલી ॥ ઉપસમ રસ નાહી ॥ કડુવાં૦ ॥ ૬ ॥ ઇતિ ॥ ૭૨ ॥
ઇતિ દેવસિ રાઇ પ્રતિક્રમણાદિક સુત્રાં વિધિ સંપુર્ણ ॥

—

## ॥ અથ પુન્યપ્રકાશનુ સ્તવન ॥

॥ દુહા ॥ સકલ સિદ્ધિ દાયક સદા ॥ ચોવિસેં જીન રાય ॥ સહગુરૂ સામીની સરસતી ॥ પ્રેમે પરણમુ પાય ॥ ૧ ॥ ત્રિભુવન પતિ ત્રીસલા તણો ॥ નંદન ગુણ ગંભીર ॥ શાશન નાયક જગજયો ॥ વર્ધમાન વડવીર ॥૨॥ એક દિન વીર જીણંદને ॥ ચરણે કરી પરિણામ ॥ ભવિક જીવના હિત ભણી ॥ પુછે ગૌતમ સ્વામ ॥ ૩ ॥ મુગતી મારગ આરાધીએ ॥ કહો કિણ પરિ અરિહંત ॥ સુધા સરસ તવ વચન રસ ॥ ભાખે શ્રી ભગવંત ॥૪॥ અતિચાર આલોઇએ[૧] ॥ વ્રત ધરીએ ગુરૂ શાખ[૨] ॥ જીવ ખમાવો સયલ જે ॥ યોનિ ચોરાશી લાખ[૩] ॥ ૫ ॥ વિધી શું વળી વોસરાવિએ ॥ પાપ સ્થાન અઢાર[૪] ॥ ચ્યાર સરણ નિત અનુસરો[૫] ॥ નિંદો દુરિત આચાર[૬] ॥૬॥ શુભ કરણી અનુમોદીએ[૭] ॥ ભાવ ભલો મન આણિ[૮] ॥ અણસ

ણુ અવસર આદરી[૯] ॥ નવપદ જપો સુજાણુ[૧૦] ॥ ૭ ॥
શુભ ગતી આરાધન તણા ॥ એ છે દશ અધિકાર ॥ ચી
ત્ત આણીને આદરો ॥ જીમ પામો ભવ પાર ॥ ૮ ॥
॥ ઢાળ ॥ એ છેડિ કિહાં રાખી ॥ એ દેશી ॥ ગ્નાન[૧]
દરિશણ[૨] ચારિત્ર[૩] તપ[૪] વિરજ[૫] ॥ એ પાંચે આચાર ॥
એહ તણા ઈહ ભવ પરભવનાં ॥ આલોઈએ અતીચારરે
॥ પ્રાણી ગ્નાન ભણો ગુણ ખાણી ॥ વિર વદે એમ વા
ણીરે ॥ પ્રા૦ ॥ ગ્ના૦ ॥ ૧ ॥ ગુરૂ ઓલવીએ નહી ગુરૂ
વિનયે ॥ કાળે ધરી બહુ માન ॥ સુત્ર અરથ તદુ ભય
કરી સુધાં ॥ ભણીએ વહીએ ઉપધાનરે ॥ પ્રા૦ ૨ ॥ ગ્નાનો
પગરણ પાટી પોથી ॥ ઠવણી નોકારવાળી ॥ તેહ તણા કો
ધી આશાતના ॥ ગ્નાનભકતી ન સંભાળીરે ॥ પ્રા૦ ૩ ॥
॥ ઈત્યાદિક વિપરીતપણાથી ॥ ગ્નાન વિરાધ્યું જેહ ॥ આ
ભવ પરભવ વળિય ભવો ભવ ॥ મિછછા દુક્કડ તેહરે ॥
પ્રા૦ ॥૪॥ સમકિત લ્યો સુદ્ધ જાણી ॥ જીન વચને શંકા
નવિ કીજે ॥ નવિ પર મત અભિલાખ ॥ સાધુ તણી નિં
દ્યા પરિહરજો ॥ ફલ સંદેહ મ રાખિરે ॥ પ્રા૦ ૫ ॥ મુંઢપણું
છંડો પરસંસા ॥ ગુણવંતને આદરિએ ॥ સાહમિને ધર્મે કરી
થીરતા ॥ ભગતી પ્રભાવના કરીએરે ॥ પ્રા૦ સ૦ ॥ ૬ ॥
સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે ॥ અવરણવાદ ગન લેખ્યો ॥
દ્રવ્ય દેવકો જે વિણસાડયો ॥ વિણસંતો ઉવેખ્યોરે ॥ પ્રા૦
સ૦ ૭ ॥ ઈત્યાદિક વિપરિતપણાથી ॥ સમકિત ખંડ્યું

જેહ ॥ આભવ૦ ॥ પ્રા૦ ॥ ચારિત્ર લ્યો ચિત આણી૦ ॥ ૮ ॥ પાંચ સુમતિ ત્રિણ ગુપતિ વીરાધિ ॥ આઠે પ્રવચન માય ॥ સાધુ તણે ધરમ પ્રમાદે ॥ અસુધ વચન મન કાયે ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૯ ॥ શ્રાવકને ધર્મે સામાયક ॥ પોસહમાં મન વાલી ॥ જે જયણા પુર્વક જે આઠે ॥ પ્રવચનમાય ન પાલીરે ॥ પ્રા૦ ચા૦ ॥ ૧૦ ॥ ઈત્યાદિક વિપરીતપણાથી ॥ ચારિત્ર ડોહલ્યું જેહ ॥ આભવ૦ મિછ્છા૦ ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૧ ॥ બારે ભેદે તપ નવી કીધો ॥ છતે જોગ નિજ શકતે ॥ ધર્મે મન વચ કાયા વિરજ ॥ નવિ ફોરવિઉં ભગતેરે ॥ પ્રા૦ ચા૦ ॥ ૧૨ ॥ તપ વીરજ આચાર ઇણિ પરે ॥ વિવિધ વિરાધ્યા જેહ ॥ આભવ૦ ॥ મિછ્છા૦ ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૩ ॥ વલિય વિશેશે ચારિત્ર કેરા ॥ અતિચાર આલોઈયે ॥ વીર જીણેસર વયણ સુણીને ॥ પાપ મયલ સવિ ધોઈયેરે ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૪ ॥

॥ ઢાળ ॥ ૨ જી ॥ પ્રથવી[૧] પાણી[૨] તેઉ[૩] ॥ વાઉ[૪] વનસ્પતિ[૫] ॥ એ પાંચે થાવર કહ્યાં એ ॥ કરી કરસણ આરંભ ॥ ખેત્ર જે ખેડીયાં ॥ કુવા તળાવ ખણાવીઆંએ ॥ ૧ ॥ ઘર આરંભ અનેક ॥ ટાંકાં ભુંઈરાં ॥ મેડી માલ ચણાવીઆએ ॥ લીંપણ ગુંપણ કાજ ॥ ઇણિપરી પરપરી ॥ પ્રથવીકાય વિરાધીયાએ ॥ ૨ ॥ ધોયણ નાહણ પાણિ ॥ ઝીલણ અપકાય ॥ છોતિ ધોતિ કરી દુહવ્યાંએ ॥ ભાઠીગર કુંભાર ॥ લોહ સોવનગરા ॥ ભા-

ડઅુંભ લિહાળાગરાએ ॥ ૩ ॥ તાપણ્ શેકણ્ કાજ ॥ વસ્ત્ર નિખારણ ॥ રંગણ રાંધણ રસવતીએ ॥ ઈણીપરી કર્મા-દાન ॥ પરીંપરી કેળવિ ॥ તેઉ વાઉ વિરાધીયાએ ॥ ૪ ॥ વાડી વન આરામ ॥ વાવી વનસ્પતિ ॥ પાન ફુલ ફળ ચુંટીયાંએ ॥ પોંક પાપડી શાક ॥ સેકયાં સુકવ્યાં ॥ છેદ્યાંછુંદ્યાં આથીયાંએ ॥ ૫ ॥ અલસીને એરંડ ॥ ઘાણી ઘાલીને ॥ ઘણા તિલાદિક પીલીયાએ ॥ ઘા..ી કોલુ માં ડી ॥ પીલી સેલડી ॥ કંદમુળ ફળ વેચીયાંએ ॥ ૬ ॥ ઈમ એકેંદ્રિ જીવ ॥ હણ્યા હણાવીયા ॥ હણતાં જે અનુમો-દીયાએ ॥ આ ભવ પરભવ જેહ ॥ વલિ૫૦ ॥ તે મુઝ૦ ॥ ૭ ॥ કરમ સરમીયા કીડા ॥ ગાડર ગંડોલા ॥ ઈઅલ પુરા અલસિઆંએ ॥ વાલા જલો ચુડેલ ॥ વિચલિત રસ તણા ॥ વળી અથાણાં પ્રમુખનાએ ॥ ઈમ બેંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુઝ૦ ॥ ૮ ॥ ઉદેહી જુ લીખ ॥ માંકણ મંકોડા ॥ ચાંચણ કિડી કંથુઆએ ॥ ૯ ॥ ગદહી યાં ઘીમેલી ॥ કાનખજુરડા ॥ ગીંગોડા ધનેરીઆંએ ॥ ઈમ તેંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુઝ૦ ૧૦ ॥ માંખી મત્સર ડાંસ ॥ મસા પતંગીયા ॥ કંશારી કોલિયાવડાએ ॥ ઢીંકણ વીંછુ તીડ ॥ ભમરા ભમરીઓ ॥ કોતાખગ ખ-ડમાંકડીએ ॥ ઈમ ચોરીંદ્રી જીવ ॥ જે મેં દુ૦ ॥ તે મુઝ૦ ॥ ૧૧ ॥ જળમાં નાખી જાલ ॥ જલચર દુહવ્યા ॥ મનમાં મમ સંતાપીયાએ ॥ ૧૨ ॥ પીડ્યાં પંખી જીવ ॥ પાડી

પાસમાં ॥ પોપટ ઘાલ્યા પાંજરેએ ॥ ઈમ પચેંદ્રી જીવ ॥
જે મેં દુ૦ ॥ તે મુઝ૦ ॥ ૧૪ ॥ ॥ ઢાલ ૩ ॥ વાણી
વાણી હીત કરીજી ॥ એ દેશી ॥ ક્રોધ લોભ ભય હાસ
થીજી ॥ બોલ્યા વચન અસત્ય ॥ કુડ કરી ધન પારકાંજી
॥ લીધાં જેહ અદત્તરે ॥ જીનજી ॥૧ ॥ મિછા દુક્કડ આ
જ ॥ તુમ્હ સાખે મહારાજરે ॥ જીનજી ॥ દેઈ સારૂ
કાજરે ॥ જી૦ ॥ મિ૦ ॥ આંકણિ ॥ દેવ મનુજ તિ-
ર્યંચનાજી ॥ મૈથુન સેવ્યાં જેહ ॥ વિષયારસ લંપટપણેજી
ઘણું વિડંબ્યો દેહરે ॥ જી૦ ॥ ૨ ॥ મિ૦ ॥ પરિગ્રહની મમ
તા કરીજી ॥ ભવ ભવ મેલી આથ ॥ જેહ જહાંની તે
તિહાં રહીજી ॥ કોઈ ન આવે સાથરે ॥ જી૦ ॥ ૩ ॥
મિ૦ ॥ રયણી ભોજન જે કરયાંજી ॥ કિધાં ભખ્ય અભ
ખ્ય ॥ રસના રસની લાલચેજી ॥ પાપ કરયાં પરતક્ષરે ॥
જી૦ ॥ ૪ ॥ મિ૦ ॥ વ્રત લેઈ વિસારીયાંજી ॥ વળી ભા
ગ્યાં પચખાણ ॥ કપટ હેતુ કીરીયા કરીજી ॥ કિધાં આપ વ
ખાણરે ॥ જી૦ ॥ ૫ ॥ મિ૦ ॥ ત્રિણ ઢાળ આઠે દુહેજી ॥
આલોચો અતિચાર ॥ શિવગતિ આરાધન તણોજી ॥ એ
પહિલો અધિકારરે ॥ જી૦ ॥ ૬ ॥ મિ૦ ॥ ॥ ઢાલ ॥ ૪ ॥
સાહેલડીની દેશી ॥ પંચમહાવ્રત આદરો ॥ સાહેલડીરે ॥
અથવા લ્યો વ્રતબારતો ॥ યથા શક્તિ વ્રત આદરી ॥સા૦
॥ પાળો નિરતી ચારતો ॥ વ્રત લીધાં સંભારીએ ॥ સા૦ ॥
હિયડે ધરીય વિચારતો ॥ શિવગતી આરાધન તણો ॥સા૦

એ બીજો અધિકારતો ॥ જીવ સવે ખમાવીએ ॥ સા૦ ॥
યોની ચોરાશી લાખતો ॥ મન સુધે કરો ખામણાં ॥સા૦
કોઈ શું રોશ ન રાખતો ॥ સરવ મિત્ર કરી ચિંતવો ॥સા૦
કોઈ ન જાણો શત્રુતો ॥ રાગ દ્વેષ ઈમ પરિહરો ॥સા૦॥
કીજે જન્મ પવિત્રતો ॥ સાહમી સંઘ ખમાવીયે ॥ સા૦॥
જે ઉપની અપ્રીતીતો ॥ સજ્જન કુટુંબ કરી ખામણાં ॥
સા૦॥ એ જીન શાસન રીતતો ॥૨॥ ખમીએ અને ખમા
વીએ ॥સા૦॥ એહજ ધર્મનું સારતો ॥ શિવગતી આરાધન
તણો ॥સા૦॥ એ ત્રીજો અધીકારતો ॥ મ્રખા વાદ[1] હીં
સા[2] ચોરી[3] ॥સા૦॥ ધનમુર્છા[4] મેહુનતો[5] ॥ ક્રોધ[6] મા
ન[7] માયા[8] તૃષ્ણા[9] ॥સા૦॥ પ્રેમ[10] દ્વેષ[11] પૈસુનતો
॥૩॥ નીંદા[13] કલહ ન કિજીયે[14] ॥સા૦॥ કુડાં ન દીજે[15]
આલતો ॥ રતિઅરતિ[16] મિથ્યા[17] તજો ॥સા૦॥ માયા
મોસ જંજાલતો ॥ ત્રિવિધ ત્રિવિધ વોસિરાવિઈં ॥ સા૦ ॥
પાપસ્થાન અઢારતો ॥ શિવગતી આરાધન તણો ॥
સા૦ ॥ એ ચોથો અધિકારતો ॥ ૪ ॥ ઢાલ ॥ ૫ મી ॥
॥ હવેનીસુણો ઈહાં આવીયા ॥ એ દેશી ॥ જનમ જરા
મરણે કરીએ ॥ એ સંસાર અસારતો ॥ કરયાં કર્મ સહુ
અનુભવેએ ॥ કોઈ ન રાખણહારતો ॥ ૧ ॥ સરણ એક
અરિહંતનુંએ[1] ॥ સરણ સિદ્ધ[2] ભગવંતતો ॥ સરણ ધર્મ
શ્રી જઈનનોએ[3] ॥ સાધુ[4] સરણ ગુણવંતતો ॥૨ ॥ અવર મો
હ સવી પરીહરીએ ॥ ચાર સરણ ચિત્ત ધારતો ॥ શિવગતી

આરાધન તણોએ ॥ એ પાંચમો અધિકારતો ॥ ૩ ॥ આભ
વ પરભવ જે કરયાંએ ॥ પાપકર્મ કેઈ લાખ તો ॥ આ
ત્મ સાખે તે નિંદીએએ ॥ પડિક્કમીએ ગુરૂ સાખિતો ॥
૪ ॥ મિથ્યામતી વરતાવિઆએ ॥ જે ભાખ્યા ઉત્સુત્રતો ॥
કુમતિ કદાગ્રહને વસેએ ॥ વળી ઉથાપ્યા સુત્રતો ॥૫॥ ઘ
ડ્યાં ઘડાવ્યાં જે ઘણાંએ ॥ ઘંટી હળ હથીયારતો ॥ ભ
વભવ મેલી મુકીયાંએ ॥ કરતાં જીવ સંહારતો ॥ ૬ ॥ પા
પ કરીને પોસિઆએ ॥ જન્મ જન્મ પરિવારતો ॥ જન
માંત્તર પુહતા પછીએ ॥ કોઈ ન કીધી સીરતો ॥૭॥ આ
ભવ પરભવ જે કરયાંએ ॥ એમ અધિકરણ અનેકતો ॥
ત્રીવિધે ત્રીવિધે વોસરાવિએએ ॥ આણી હ્રદય વિવેકતો ॥
૮ ॥ દુષ્કૃત નિંદા ઈમ કરીએ ॥ પાપ કરયાં પરિહારતો ॥
શિવગતિ આરાધન તણોએ ॥ એ છઠ્ઠો અધિકારતો ॥ ૯ ॥
॥ ઢાલ ૬ ઠી ॥ આદીતુ જોઈને આપણો ॥ એ દેશી ॥
ધન ધન તે દીન માહરો ॥ જીહાં કીધો ધર્મ ॥ દાન શી
લ તપ આદરી ॥ ટાળ્યાં દુસ્કર્મ ॥ ધ૦ ૧ ॥ શેત્રુંજાદિક
તિર્થની ॥ જે કિધી યાત્ર ના ॥ જુગતે જીનવર પુજીયા ॥ વલી
પોખ્યા સુપાત્ર ॥ ધ૦ ૨ ॥ પુસ્તક જ્ઞાન લખાવીયા ॥ જીણ
હર જીણચૈત્ય ॥ સંઘ ચતુર્વિધ સાચવ્યા ॥ એ સાતે ખે
ત્ર ॥ ॥ ધ૦ ૩ ॥ પડિક્કમણાં સુપરે કરયાં ॥ અનુકંપા દાન
॥ સાધુ સુરિ ઉવઝાયને ॥ દીધાં બહુ માન ॥ ધ૦ ૪ ॥
ધર્મ કાજે અનુમોદિએ ॥ ઈમ વારોવાર ॥ શિવગતિ આ

રાધન તણો ॥ એ સાતમો અધિકાર ॥ ૫૦૫ ॥ ભાવભલો મન આણીએ ॥ ચિત્ત આણી ઠામ ॥ સમતા ભાવે ભાવીએ ॥ એ આતમ રામ ॥ ૫૦૬ ॥ સુખ દુખ કારણ જીવને ॥ કોઈ અવર ન હોય ॥ કર્મ આપ જે આચર્યાં ॥ ભોગવીએ સોય ॥ ૫૦૭ ॥ સમતા વિણ જે અનુસરે ॥ પ્રાણિ પુન્ય કામ ॥ છારી ઉપરી તે લીંપણું ॥ ઝાંખર ચિત્રામ ॥ ૫૦૮ ॥ ભાવભલી પરિભાવીએ ॥ એ ધર્મનું સાર ॥ શિવ ગતિ આરાધન તણો ॥ એ આઠમો અધિકાર ॥ ૫૦૯ ॥

॥ ઢાળ ૭ મી ॥ રૈવતગિરી ઉપરી ॥ એ દેશી ॥ હવે અવસર જાણી ॥ કરીય સંલેખણ સાર ॥ અણસણ આદરીએ ॥ પચખી ચ્યાર આહાર ॥ લલુતા સવિ મુકી ॥ છાંડી મમતા અંગ ॥ એ આતમ ખેલે ॥ સમતા જ્ઞાન તરંગ ॥ ૧ ॥ ગતિ ચારે કિધા ॥ આહાર અનંત નિસંક ॥ પણ ત્રપતિ ન પામ્યો ॥ જીવ લાલચીયો રંક ॥ દુલહો એ વલીવલી ॥ અણસણનો પરિણામ ॥ એહથી પામી જે ॥ શિવપદ સુરપદ ઠામ ॥ ૨ ॥ ધન ધના શાલીભદ્ર ॥ ખંધો મેઘકુમાર ॥ અણસણ આરાધી ॥ પામ્યા ભવનો પાર ॥ શિવ મંદીર જાશ્યે ॥ કરી એક અવતાર ॥ આરાધન કેરો ॥ એ નવમો અધિકાર ॥ ૩ ॥ દશમે અધિકારે ॥ મહામંત્ર નવકાર ॥ મનથી નવી મુકો ॥ શિવસુખ ફળ સહકાર ॥ એ જપતાં જાએ ॥ દુર્ગતી દોષ વિકાર ॥ સુપરેએ સમરો ॥ ચઉદ પુરવનું સાર ॥

૪ ॥ જનમાંતરે જાતાં ॥ જો પામ્ને નવકાર ॥ તો પાતિક
ગાલિ ॥ પામે સુર અવતાર ॥ એ નવ પદ સરીખો ॥
મંત્ર ન કોઈ સાર ॥ ઈહ ભવને પરભવે ॥ સુખ સંપત્તિ
દાતાર ॥ ૫ ॥ જુઓ ભીલ ભોલડી ॥ રાજા રાણી થા
ય ॥ નવ પદ મહીમાંથી ॥ રાજસિંહ મહારાજ ॥ રાણી
રતનવતી ॥ બેહુ પામ્યાં છે સુરભોગ ॥ એક ભવથી લહે
સ્યે ॥ સિદ્ધવધુ સંયોગ ॥ ૬ ॥ શ્રીમતિને એ વલી ॥ મંત્ર
ફલ્યો તતકાળ ॥ ફણીધર ફીટીને ॥ પ્રગટ થઈ ફુલમાલ
॥ શિવકુમરે યોગી ॥ સોવન પુરસો કીધ ॥ ઈમ ઈણે
મંત્રે ॥ કાજ ઘરનાં સીદ્ધ ॥ ૭ ॥ એ દશ અધિકારે ॥
વિરજીણેસર ભાખ્યો ॥ આરાધન કેરો ॥ વિધી જેણે ચિત્ત
માં રાખ્યો ॥ તિણે પાપ પખાલો ॥ ભવ ભય દુર નાં
ખ્યો ॥ જીન વિનય કરતાં ॥ સુમતી અમ્રત રસ ચાખ્યો
૮ ॥ ॥ ઢાળ ॥ ૮ મી નમો ભવી ભાવશું એ ॥
એ દેશી ॥ ॥ સિદ્ધારથરાય કુલ તિલોએ ॥ ત્રિસલા મા
ત મલ્હારતો ॥ અવની તલે તુમે અવતરયાએ ॥ કરવા
અમ્હ ઉપગાર ॥ ૧ ॥ જયો જીન વીરજીએ ॥ મેં અપ
રાધ કરચા ઘણાએ ॥ કહેતાં નવ લહુ પારતો ॥ તુમ ચ
રણે આવ્યા ભણીએ ॥ જો તારે તો તારય ॥ ૨ ॥ જ૦॥
આશ કરીને આવીયોએ ॥ તુમ ચરણે મહારાજતો ॥
આવ્યાને ઉવેખસ્યોએ ॥ તો કિમ રહેસ્યે લાજ ॥ ૩ ॥
જ૦ ॥ કરમ અલુજણ આકરાંએ ॥ જનમ મરણ જં

જાલતા ॥ હું છું એહથી ઉભગોએ ॥ છોડવી દેવ દયા લ ॥ ૪ ॥ જ૦ ॥ આજ મનોરથ મુજ ફલ્યા એ ॥ નાઠા દુઃખ દંદોલતો॥ તુઠા જીન ચોવિસઆએ પ્રગટયાં ॥ પુન્ય કલોલ ॥ ૫ જ૦ ॥ ભવ ભવ વિનય તુમારડોએ ॥ ભાવ ભગતી તુમ પાયતો ॥ દેવ દયા કરી દીજીએએ ॥ બોધ બીજ સુપસાય ॥ ૬ ॥ જ૦ ॥ ॥ કળશઃ ॥ ઈય તરણ તારણ સુગતી કારણ દુઃખ નીવારણ જગજયો ॥ શ્રી વીરજીનવર ચરણ થુણતાં અધિક મન ઉલટ થયો ॥ શ્રી વિજય દેવસુરીંદ પટોધર તીરથ જંગમ ઈણે જગે ॥ શ્રી તપગછપતિ શ્રી વિજયપ્રભસુરી સુરી તેજે ઝગમગે ॥ શ્રી હીરવીજયસુરી શીષ વાચક ॥ કિરત્તીવીજય સુર ગુરૂ સમા॥ તસ શીશ વાચક વિનયવિજયે થુણ્યો જીન ચોવીસમા ॥ સઈ સત્તર સંવત ઓગણત્રીસ રહી રાનેર ચોમાસએ ॥ વિજય દશમી વિજયકારણ કિઓ ગુણ અભ્યાસએ ॥ નરભવ આરાધન સિદ્ધ સાધન ॥ સુકૃત લીલ વિલાસએ॥ નિર્જરા હેતે તવન રચીઓ નામે પુન્યપ્રકાશએ ॥ ૫ ॥ ॥ ઇતિ શ્રી વિરજીન આરાધના પુન્ય પ્રકાશ સ્તવન સંપુર્ણ ॥

## અથ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

॥ રાગ મારૂ ॥ કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યો ॥ એ દેશી ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરારે ॥ ઓર ન ચાહુંરે કંત ॥

રીઝ્યો સાહિબ સંગ ન પરિહરેરે ॥ ભાંગે સાદિ અનંત ॥ ૧ રૂ૦ ॥ પ્રીત સગાઈરે નિરૂપાધીક કહીરે ॥ સોપાધિક ધન ખોય ॥ ૨ રૂ૦ ॥ કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરેરે ॥ મિલશું કંતને ધાય ॥ એ મેલો નવિ કહીયે સંભવેરે ॥ મેલો ઠામ ન ઠાય ॥ ૩ રૂ૦ ॥ કોઈ પતિ રંજન અતી ઘણો ॥ તે પતી રંજન તન તાપ ॥ એ પતિ રંજન મેં નવિ ચિત ધરયુંરે ॥ રંજન ધાતુ મેલાપ ॥ ૪ રૂ૦ ॥ કોઈ કહે લીલારે લલખ અલખ તણીરે ॥ લખ પુરે મન આસ ॥ દોષ રહીતને લીલા નવિ ઘટેરે ॥ લીલા દોષ વિલાસ ॥ ૫ રૂ૦ ॥ ચિત પ્રસન્નેરે પુજન ફળ કહ્યુંરે ॥ પુજા અખંડીત એહ ॥ કપટ રહિત થઈ આતમ અરપણારે ॥ આનંદઘન પદ ॥ ૬ રૂ૦ ॥

## અથ શ્રી અનંતનાથ જિન સ્તવન

॥ રાગ રામગીરી ॥ કડખો ॥

ધાર તરવારની સોહલી દોહલી ચૌદમા જિન તણી ચરણ સેવા ॥ ધારપર નાચતાં દેખ બાજીગરા સેવના ધારપર રહે ન દેવા ॥ ૧ ધા૦ ॥ એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી ફળ અનેકાંત લોચન ન દેખે ॥ ફળ અનેકાંત કિરિયા કરી બાપડા રડવડે ચ્યાર ગતિમાંહિ લેખે ॥ ૨ ધા૦ ॥ ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં તત્વની વાત કરતાં ન

બાજે ॥ ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકા ॥ મોહ નડિયા કલીકાલ રાજે ॥૩ધા૦॥ વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો વચન સાપેક્ષ વ્યવહાર સાચો ॥ વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ સાભળી આદરી કાંઈ રાચો ॥ ૪ ધા૦ ॥ દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો ॥ શુદ્ધ શ્રદ્ધાન વિણ સરવ કિરિયા કહી છારપર લીંપણો સરસ જાણો ॥ ૫ ધા૦ ॥ પાપ નહીં કોઈ ઉત્સુત્ર ભાષણ જીસા ધરમ નહી કોઈ જગસુત્ર સરીખો ॥ સુત્ર અનુસાર જે ભવીક કીરીયા કરે તેહનો સુદ્ધ ચારીત્ર પરખો ॥ ૬ ધા૦ ॥ એહ ઉપદેશનું સાર સંક્ષેપથી જે નરા ચિત્તમાં નિત ધ્યાવે ॥ તે નરા દિવ્ય બહુકાળ સુખ અનુભવી નિયત આનંદઘન રાજ પાવે॥ ૭ધા૦

## ॥ અથ શ્રીનેમનાથ જિન સ્તવન ॥

॥ રાગ મારૂણી ॥ ધાણરા ઢોલા એ દેશી ॥

અષ્ટ ભવતર વાલહીરે ॥ તું મુઝ આતમરામ ॥ મનરા વાહા ॥ મુગતિ નારી શું આપણેરે ॥ સગપણ કોઈ ન કામ ॥ મ૦ ૧ ॥ ઘરિ આવો હો વાલિમ ઘરિ આવો ॥ મારી આસાના વિસરામ ॥ મ૦ ॥ રથ ફેરો હો સાજન રથ ફેરો ॥ સાજન માહરા મનોરથ સાથ ॥ મ૦ આંકણી ॥ નારી પખો સ્યો નેહલોરે વાલા ॥ સાચ કહે જગનાથ ॥ મ૦ ॥ ઈશ્વર અરધંગે ધરીરે વાલા ॥ તું મુજ

આવે ન હાથ ॥ મ૦ ૨ ॥ પશુ જનને કરૂણા કરીરે વાલા
॥ આણી રદય વીચાર ॥ મ૦ ॥ માણસની કરૂણા નહી
રે વાલા ॥ એ કુણ ઘર આચાર ॥ મ૦ ૩ ॥
પ્રભ કલપ તરૂ છેદીયોરે વાલા ॥ ધરીયો યોગ ધતુર ॥મ૦
॥ ચતુરાઇરી કુણ કહેરે વાલા ॥ ગુરૂ મિલીયો જગસુર
॥ મ૦ ૪ ॥ માહરૂ તો એમાં કચું નહીરે વાલા ॥ આ
પ વિચારે રાજ ॥ મ૦ ॥ રાજ સભામાં બેસતાંરે વાલા ॥
ઠીકરી ખધસી લાજ ॥ મ૦ ૫ ॥ પ્રેમ કરે જગ જન સ
હુરે વાલા ॥ નિર વાહે તે ઓર ॥ મ૦ ॥ પ્રીત કરીને
છાંડી દેરે વાલા ॥ તેહ શું ચાલે ન જોર ॥ મ૦ ૬ ॥ જો
મનમાં એહવું હતુરે વાલા ॥ નિસંપતિ કરત ન જાણ ॥
મ૦ ॥ નિસપત કરીને છાંડતાંરે વાલા ॥ માણસ હુવે નુ
કશાણ ॥ મ૦ ૭ ॥ દેતાં દાન સંવત્સરીરે વાલા ॥ સહુ
લહે વંછીત પોષ ॥ મ૦ ॥ શેવક વંછીત નવિ લહેરે વા
લા ॥ તે સેવકનો દોષ ॥ મ૦ ૮ ॥ સખી કહે એ સાં
ભળોરે વાલા ॥ હું કહું લક્ષણ સ્વેત ॥ મ૦ ॥ ઇણ લક્ષ
ણ સાચા સખીરે વાલા ॥ આપ વિચારે હેત ॥ મ૦ ૯ ॥
રાગીશું રાગી સહુરે વાલા ॥ વઇરાગી સ્યો રાગ ॥ મ૦ ॥
રાગ વીના કિમ દાખવોરે વાલા ॥ મુગતિ સુંદરી માગ॥
મ૦ ૧૦ ॥ એક ગુહચ ઘટતુ નહીરે વાલા ॥ સઘલોઇ જ
ણ લોગ ॥ મ૦ ॥ અનેકાંતિક ભોગવોરે વાલા ॥ બ્રહ્મચા
રી મત લોગ ॥ મ૦ ૧૧ ॥ જિણ જોગે તુઝને જોઉંરે વા
લા ॥ તોણ જોગે જોવો રાજ ॥ મ૦ ॥ એક વાર મુઝને
જુવોરે વાલા ॥ તો સીજે મુજ કાજ ॥ મ૦ ૧૨ ॥ મો
હદસા ધરિ ભાવતાંરે વાલા ॥ ચિત લહે તત્વ વિચાર ॥

મ૦ ॥ વીતરાગતા આદરીરે વાલા ॥ પ્રાણનાથ નિરધાર ॥ મ૦ ૧૩ ॥ સેવક પિણ તે આદરેરે વાલા ॥ તો રહે સેવક મામ ॥ મ૦ ॥ આસય સાથે ચાલીએરે વાલા ॥ એહિજ રૂડું કામ ॥ મ૦ ૧૪ ॥ ત્રિવીધ યોગ ધરી આદરયોરે વાલા ॥ નેમનાથ ભરતાર ॥ મ૦ ॥ ધારણ પોશણ તારણોરે વાલા ॥ નવ રસ મુગતા હાર ॥ મ૦ ૧૫ ॥ કારણ રૂપી પ્રભુ ભજ્યોરે વાલા ॥ ગણ્યો ન કાજ અકાજ ॥ મ૦ ॥ કૃપા કરો પ્રભુ દીજીએરે વાલા ॥ આનંદઘન પદ રાજ ॥ મ૦ ૧૬ ॥

## ॥ અથ શ્રીમહાવીરજિન સ્તવન ॥

॥ પંથડો નિહાલું બીજા જીન તણોરે ॥

ચરમ જિનેસર વિગત સ્વરૂપનુંરે ॥ ભાવું કેમ સરૂપ ॥ સાકારી વિણ ધ્યાન ન સંભવેરે ॥ એ અવિકાર અરૂપ ॥ ચ૦ ૧ ॥ આપ સરૂપે આતમમાં રમેરે ॥ તેહના ધુર બે ભેદ ॥ અસંખ ઉક્કોસે સાકારી પદેરે ॥ નિરાકારી નિરભેદ ॥ ચ૦ ૨ ॥ સુખમ નામ કરમ નિરાકાર જેરે ॥ તેહ ભેદ નહી અંત ॥ નિરાકાર જે નિરગતિ કર્મથીરે ॥ તેહ અભેદ અનંત ॥ ચ૦ ૩ ॥ રૂપ નહિ કઈયે બંધન ઘટયુંરે ॥ બંધન મોક્ષ ન કોય ॥ બંધ મોક્ષ વિણ સાહિ અનંતનુંરે ॥ ભંગ સંગ કેમ હોય ॥ ચ૦ ૪ ॥ દ્રવ્ય વિના તેમ સત્તા નવી લહેરે ॥ સત્તા વિણ રયો રૂપ ॥ રૂપ વિના કેમ સિદ્ધ અનંતતારે ॥ ભાવુ અકલ સરૂપ ॥ ચ૦ ૫ ॥ આતમતા પરિણતિ જે પરિણમ્યારે ॥ તે મુઝ ભેદાભેદ ॥ તદાકાર વિણ મારા રૂપનુંરે ॥ ધ્યાવુ વિધિ પ્રતિષેધ ॥ ચ૦ ૬ ॥ અંતિમ ભવ ગહણે તુઝ ભાવનુંરે ॥ ભાવશું શુદ્ધ સરૂપ ॥ તઇયે આનંદઘન પદ પામશુંરે ॥ આતમ રૂપ અનુપ ॥ ચ૦ ૭ ॥

સમાપ્ત.

# જાહેર ખબર.

હું નીચે સહી કરનાર વીનયપુર્વક અરજ કરૂ છું જે અમારી આફીસમાં નીચે લખેલાં પુસ્તકો વેચાતી મળસે.

ઓખાહરણ, સદેવંત સાવળીંગા, ગુલબંકાવલી, પંચકલ્યાણની પુજા, પ્રતીક્રમણસુત્ર, લીલાવતીનો રાસ, પદ્માવતીની વારતા, ઊદમકર્મની વારતા, દીવાની કાયદો, કીમીનલ, નળાખ્યાન, નંદબત્રીસી, લેલીમજનુનો કીસો, ચોવીસી, મલીનાથની, સુંદરવીલાસ, સ્ત્રી મનોરંજક, સનીસરની કથા, નરસીમેતાનુ મામેરૂ, મોતીસાના ઢાળીયાં, સુકનાવળી, જઈ ધરમીની લાવણી, છભાઈનો રાસ, અંજનાનો રાસ, સીતાના મહીના, અંગઉધારનો ઝઘડો,

સદરહુ ચોપડીઓ ઘણીજ કીફાયતથી આપવામાં આવશે.

બુકસેલર

**મગનલાલ દેવચંદ.**

ઠે० અમદાવાદ માણેકચોક